# ક્લિન નોટ પોલિસી માટે આરબીઆઇ નવા મશીન વસાવશે

4 મે, 2002

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની નવી દિલ્હી ખાતેની ઓફિસે કરન્સી વેરિફીકેશન એન્ડ પ્રોસેસિંગ સિસ્ટમ્સ (સીવીપીએસ) ના ઉદ્‍ઘાટન સમયે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ડેપ્યૂટી ગર્વનર શ્રી વેપા કામેસમે કહ્યું. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દેશના નાગરિકો માટે ક્લિન નોટ પોલિસી અંગે વચનબદ્ધ બની છે. આ ધ્યેય પ્રાપ્તિ માટે તે દરેક પ્રકારની જરૃરી વ્યવસ્થા અને ટેકનોલોજી અપનાવશે. કાર્યક્રમમાં પજાબ નેશનલ બેંકના ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર શ્રી એસ. એસ. કોહલી, ઓરિયેન્ટ બેંક ઓફ કોમર્સના ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર શ્રી બી. ડી. નારંગ, કરન્સી એન્ડ કોઇનેજના જોઇન સેક્રટરી શ્રી નવિન કુમાર તથા અમુક પસંદીદા કોમર્શિયલ બેંકોના પ્રતિબિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. રિઝર્વ બેંકમાં આ સિસ્ટમની સ્થાપના ખરાબ અને ફાટેલી નોટોના ઝડપી નિકાલ માટે કરવામાં આવી. આ પ્રકારના મશીન રિઝર્વ બેંકની દસ ઓફિસમાં છે, જેમાં દિલ્હી ઓફિસનો સમાવશે થયો.

સીવીપીએસ સિસ્ટમ એક કલાકમાં રદ્દી નોટના 50,000 થી 60,000 ટૂકડા કરવાની ક્ષમતા ધરાવે છે. આ સિસ્ટમ સાથે શ્રેડિંગ એન્ડ બ્રિકેટિંગ સિસ્ટમ જોડાયેલી હોવાથી ખરાબ નોટનો ઝડપથી નાશ ઓન લાઇન થઇ શકે છે, જે માર્કેટમાંથી આવી ખરાબ નોટને નાબૂદ કરવામાં ખૂબ ઉપયોગી બને છે. આ સિસ્ટમ પ્રદૂષણ રહિત બનાવવામાં આવે છે. જેથી નોટ બળે તો પણ પ્રદૂષણ ફેલાતું નથી. આ સિસ્ટમ ખરાબ નોટને ટૂકડાઓમાં ફેરવી નાખે છે. બ્રેકટ સિસ્ટમ ઘર કે ઓફિસમાં પણ ઉપયોગમાં લેવાતી હોય છે. ઉપરાંત ઉદ્યોગોમાં રેસિડ્યૂઅલ ફ્યૂઅલ તરીકે પણ વાપરી શકાય છે.

નોંધનીય બાબત એ છે કે, જાન્યુઆરી 1999 માં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ગર્વનર ડો બિમલ જલને ક્લિન નોટ પોલિસી જાહેર કરી હતી. ક્લિન નોટ પોલિસી ના અસરકારક અમલ માટે બજારના ભ્રમણમાં નવી નોટો મૂકવાનું જેટલું મહત્વ છે તેટલી જ મહત્વની બાબત જૂની, ખરાબ નોટોને પાછી ખેંચવાની છે. આ બંને હેતુસર રિઝર્વ બેંકે છેલ્લા વર્ષથી કરન્સી મેનેજમેન્ટને લગતી પ્રક્રિયા તથા સિસ્ટમમાં ઘણાં પરિવર્તનો કર્યા. તેમાં ખરાબ, જૂની, ફાટેલી ચલણી નોટોનો નાશ કરવા માટેના મશીનનો પણ સમાવેશ થાય છે.

પહેલા ભાગમાં રિઝર્વ બેંકે નવ ઓફિસ માટે 22 કરન્સી વેરિફીકેશન એન્ડ પ્રોસેસિંગ સિસ્ટમ (સીવીપીએસ) વસાવ્યા. આ મશીનો બેંગ્લોર, બેલાપુર, ચંડીગઢ, હૈદરાબાદ, જયપુર, જમ્મુ, કાનપુર, નવી દિલ્હી અને પટણા ખાતે વસાવવામાં આવ્યા છે. સીવીપીએસ અન્ય ઇસ્યૂ ઓફિસોમાં બીજા ભાગમાં વસાવાશે. જે સ્થળોએ આ મશીનો મૂકવામાં આવ્યા છે ત્યાં ડિસ્પોઝલ કેપેસિટી ઘણી વધી ગઇ છે, જે બજારમાંથી ખરાબ, ફાટેલી નોટોને દૂર કરવામાં મોટો ભાગ ભજવશે. સાથે-સાથે નવી નોટ બજારમાં ફરતી કરવા માટે રિઝર્વ બેંકના વધારાના બે કરન્સી પ્રિન્ટીંગ પ્રેસની મદદ લેવાઇ રહી છે.

કલિન નોટ પોલિસીના અમલ માટે રિઝર્વ બેંકે અન્ય પગલાંઓ પણ લીધા છે, જેવા કે બેંકમાં નોટના બંડલ પર પીન મારવાની મનાઇ કરવામાં આવી છે, ખરાબ, જૂની કે ફાટેલી નોટો અપાતી નથી અને સ્ટેપલરની પીનની જગ્યાએ બેન્ડનો ઉપયોગ કરવામાં આવેલા બંડલો લોકોને આપવામાં આવે છે. માર્કેટ પ્લેસમાં જઇ જાહેર જનતા પાસેથી જૂની, ફાટેલી, ખરાબ નોટો એકઠી કરવાની પ્રાસંગિક વ્યવસ્થા પણ કરવામાં આવે છે. સમયાંતરે સિક્કાની વહેંચણી માટે મોબાઇલ વાન શહેરના જુદા-જુદા વિસ્તારોમાં મોકલવામાં આવે છે. પરિણામે ખરાબ નોટ ફરતી હોવાની લોકોની ફરિયાદ ઘટી છે અને નવી નોટ વધુ ઉપલબ્ધ બની છે.

અલ્પના કિલ્લાવાલા
મહા પ્રબંધક

પ્રેસ રિલીઝ નં. 2001-2002/1220